

એક સામ શહીદો કે નામ : ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તારના કાર્યકરોનો સ્નેહમિલન ઓપન એર થિયેટર ખાતે યોજાયું હતું. સ્નેહમિલન સમારોહમાં બી.એસ.એફ.ના જવાનોનું અભિવાદન કરાયું હતું. આ ઉપરાંત શહેરના વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વનું યોગદાન આપનાર સક્રિય નાગરિકોનું પણ અભિવાદન કરાયું હતું. જાણીતા પાર્શ્વ ગાયક બંકિમ પાઠક અને કલાવૃંદ દ્વારા દેશભક્તિના ગીતોનો સુંદર કાર્યક્રમ રજૂ થયો હતો. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર મોટી સંખ્યામાં સ્નેહમિલન કાર્યક્રમમાં જોડાયા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મેનેજર સાહેબ... આ માણસ કહે છે કે... બે હજાર ઉપાડવા વાળાને ટપકુ કરી ઓળખવાનું તો બરાબર... પણ પચાસ હજાર ઉપાડે તેનો ટકો કરી નાખો તો તે બે મહિમના સુધી ઓળખાઈ જાય...**

# સે. ૨૩, ૨૧ને જોડતા અન્ડરપાસને ખુલ્લો કરવા તંત્રએ આગળ વધવુ જોઈએ : મેયર

### પ્રગતિ સેતુમાં પ્રભારી મંત્રીને રજુઆત કરતા મેયર પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલે આજે જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી સમક્ષ સે. ૨૩ થી સે. ૨૧ને જોડતા અન્ડરપાસને ખુલ્લો કરવો જોઈએ તેવી રજુઆત કરી હતી.

જિલ્લાના ગાંધીનગર પ્રાંતના યોજાયેલ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરની હાજરીમાં તેમણે ગાંધીનગર શહેરમાં વધતા જતા ટ્રાફિકના ભારણને લઈ આ ભારણ હળવુ થાય તે જોવા મેયરે આગ્રહ કર્યો હતો.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યુ હતુ કે સે. ૨૩ થી ૨૧ને જોડતો અન્ડરપાસ બનાવીને રાખવામાં આવેલો જ છે. તે માત્ર ખોલવાનો છે. તેમણે જણાવ્યુ કે ઘ-રોડ પર શૈક્ષણિક સંકુલો અને સે. ૨૧ના વાણિજ્ય વિસ્તારને લઈ ટ્રાફિક ઘણો છે. આ અન્ડરપાસ કાર્યરત કરાતાં લોકોને રાહત થશે તેમજ માર્ગ-અકસ્માતમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

પ્રભારી મંત્રીએ આ બાબત તેઓ ચકાસી લેશે તેવી હૈયાધારણ સાથે વિગતવાર તે અંગેની નોંધ મેયરને આપવા જણાવ્યુ હતુ. મેયર પ્રવિણ પટેલે પણ આ બાબતે તેઓ વિગતવાર એક-બે દિવસમાં જ મોકલી આપશે તેમ જણાવ્યુ હતુ.

# ઘ-૬ પાસે આંગડીયા કર્મી સાથે થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લુંટ, ચેઈન સ્નેચીંગના અને વાહન ચોરીમાં વર્ષોથી માસ્ટર હિસ્ટ્રીસીટર એવા પ્રભુ મેલા અને કનુ સોલંકીને પકડી પાડ્યા હતા. કાચા ડાયમંડ, ધારદાર છરાઓ અને ચોરીના બાઈકો મળી રૂ. ૨૨.૯૦ લાખના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી પુછપરછ કરતાં ગાંધીનગર શહેરના ઘ-૬ સર્કલે ધોળે દિવસે આંગડીયા કર્મચારી સાથે થયેલી લુંટ સહિત અમદાવાદ, સાબરકાંઠાના કુલ ૧૬ ગુનાઓના ભેદ ઉકેલાઈ જવા પામ્યા છે. મુળ ઉદેપુરના અને હાલ અમદાવાદ નારોલ વટવા રહેતા પ્રભુ ઊર્ફે પ્રકાશ જીવા મેણા અને મુળ હિંમતનગરના ઢુંઢર ગામના અને હાલ શહેર કોટડા રહેતા કનુ ઊર્ફે કનૈયા રામજી સોલંકીની ધરપકડ કરી છે. રૂ. ૨૨.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ બંને શખ્સોએ ગાંધીનગર ઘ-૬ની લુંટની કબુલાત ઉપરાંત અન્ય ૧૫ મળી કુલ ૧૬ ગુના કબુલ્યા છે. અગાઉ પણ આ બંને શખ્સે પોલીસના હાથે ઝડપાઈ ચુકેલા છે. પ્રભુ ૧૯૯૧થી ગુનાઓ આચરે છે. વર્ષ-૨૦૦૭માં તેને ૭ વર્ષની સજા થતા સેન્ટ્રલ જેલ મોકલવામાં આવ્યો હતો. જોકે ૨૦૧૨માં તે પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો હતો. અગાઉ ચાલુ ટ્રેનમાંથી કુદીને પોલીસ જાપ્તામાંથી ભાગી ગયો હતો. તો બીજી તરફ કનુ સોલંકી ૧૯૯૯થી ગુના આચરે છે. કનુ અને પ્રભુની જોડી સેન્ટ્રલ જેલમાં બની હતી. વર્ષ ૨૦૧૩થી બંને સાથે મળીને ગેંગ બનાવી લુંટ શરૂ કરી હતી. આ લુંટમાં અન્ય બે સાગરીતો મુંબઈના શરીફખાન અને અમદાવાદ રામોલનો સલીમ સાથે હતા. હાલ તે બંને વોન્ટેડ છે. સે. ૨૧ પોલીસે અમદાવાદ પોલીસ પાસેથી પકડાયેલા આરોપીઓને ટ્રાન્સફર વોરંટથી લાવવા તજવીજ શરૂ કરી છે.

**લૂંટ, ચેઈન સ્નેચીંગ અને વાહનચોરીના માસ્ટર હિસ્ટ્રીસીટર પ્રભુ અને કનુએ લૂંટ ચલાવી હતી : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સોને પકડ્યા : ૧૬ ગુનાઓના ભેદ ખુલ્યા**

પ્રભુ મેલા પેરોલ જમ્પ છે અને અગાઉ ચાલુ ટ્રનમાંથી કુદીને પોલીસને થાપ આપી ભાગી છુટ્યો હોવાની પણ હિસ્ટ્રી ધરાવે છે.

ગાંધીનગર શહેરના ઘ-૬ સર્કલ પાસે સીસીટીવી કેમેરા લાગેલા છે. કેમેરાથી સજ્જ આ વિસ્તારમાં થોડા સમય પહેલા ધોળે દિવસે એક એફ.ઝેડ બાઈક પર આવેલા લુંટારૂએ બસમાંથી ઉતરેલા આંગડીયા કર્મીને લુંટી લીધો હતો. રમેશકુમાર અંબાલાલ આંગડીયા પેઢીના કર્મચારી કાળાભાઈ શંકરભાઈ બસમાંથી ઉતર્યા ત્યારે તેને માર મારીને રૂ. ૪૦ હજાર રોકડ તથા રૂ. ૧૦ હજારની કિંમતના કાચા હિરા મળી રૂ. ૫૦ હજારની મત્તાની લુંટ કરી લુંટારૂ ફરાર થઈ ગયા હતા. આ મામલે સે. ૨૧ પોલીસે બે બાઈક લઈને આવેલા ચાર લુંટારૂઓ સામે ગુનો દાખલ કર્યો હતો. આજે ચાર પૈકી બે મુખ્ય સૂત્રધારને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા છે.



## બિલાડીની ટોપની માફક સે-૬માં ઉભા થયેલા ઝુંપડાના સુપડાં સાફ...!

શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત સેકટર-૬માં કે જ્યાં એક પ્લોટના કરોડને આંબે તેટલા ભાવ છે તેવા ક્રિમ લોકેશન ઉપર સરકારી જગ્યાઓ પર બિલાડીની ટોપની માફક ઝુંપડાઓ ઉભા થઈ ગયા હતા. મનપાના દબાણ તંત્રને મળેલી ફરિયાદોને પગલે દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે સે-૬નાં તમામ ઝુંપડાઓના સુપડા સાફ કરી નાખ્યા છે. ત્રણ દિવસમાં દબાણ શાખાની ટીમે સે-૬ના અલગ અલગ વિસ્તારોમાંથી ૧૨૦ ઝુંપડાઓ પર બુલડોઝર ફેરવી મુકી સફાયો બોલાવી દીધો છે.

# મનપાને મિલ્કત વેરાની ૧૮ લાખની વસુલી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાને આજે મિલ્કત વેરા પેટે રૂ. ૧૮ લાખની વસુલી મળી છે. જુની નોટ સ્વીકારવાના તંત્રના નિર્ણય પછી મનપાને અત્યાર સુધીમાં ૨.૭૦ કરોડની આવક થઈ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને મિલ્કતવેરાની આ વર્ષે થઈ રહેલી આવક એ મનપાની થયેલ રચના પછી સૌથી વધુ આવક આ વર્ષે થઈ છે અન તેની અંદાજિત આવકના લક્ષ્યાંકને ૨૪મી સુધી પુરો થઈ જશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ રાખી રહ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૭૦ ટકાથી વધુની આવક અંદાજપત્રમાં દર્શાવેલા અંદાજોની થઈ ચુકી છે.

ભારત સરકારે રૂ. ૫૦૦ અને ૧ હજારની નોટ્સ રદ કર્યા પછી જુની નોટ્સ સ્વીકારવાની લંબાયેલી મુદતને કારણે જુની બાકી વસુલાત પણ સારી એવી થઈ રહી હોવાનું મનપાના સૂત્રો જણાવી રહ્યા છે. છેલ્લા પાંચ દિવસમાં જ રૂ. ૨.૭૦ કરોડની જંગી આવક મનપાને પ્રાપ્ત થઈ છે. તો ૧૦ ટકા રિબેટની યોજનાને લઈ સાત કરોડ જેટલી આવક થઈ હતી. આ ઉપરાંત દિપાવલી પૂર્વે હાથ ધરેલ સિલીંગની કાર્યવાહીને લઈ બે કરોડ જેટલી વસુલાત મળી હતી. આમ આ નાણાંકીય વર્ષમાંજ રૂ. ૧૨ કરોડની વિક્રમી આવક મિલ્કતવેરાની થતાં તંત્રના અધિકારીઓ હાશકારો અનુભવી રહ્યા છે.

## મેવા ગાંધીનગર દ્વારા ચૌદમો ઈનામ વિતરણ સમારોહ યોજાશે

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન (મેવા) ગાંધીનગર દ્વારા ચૌદમો ઈનામ વિતરણ સમારોહ આગામી તા. ૨૦ નવેમ્બર રવિવારના રોજ સેક્ટર-૧૨ આંબેડકર હોલ ખાતે બપોરે ૨-૩૦ કલાકે ડો. જમાલ એ.ખાન (આઈએફએસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમા સમાજના ધોરણ ૧૦ અને ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસક્રમ સારા માર્કસ સાથે ઉતીર્ણ થયેલા હોય તે તમામ વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જનાબ સૈયદઅલી સૈયદ, પીયુષ દેસાઈ સહિત મહાનુભાવો હાજર રહેશે તેમજ ધોરણ-૫ થી ૧૨માં ચાલુ વર્ષે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં અચુક હાજર રહેવા તેમજ સમાજના સૌ ભાઈ-બહેનોને હાજર રહેવા મેવાના પ્રમુખ ઈનાયતઅલી સૈયદે અનુરોધ કર્યો છે.



ચોતરફ બેસ નોટબંધી, નોટબંધી અને નોટબંધીની જ વાત છે. નોટબંધીના પગલે સર્જાયેલ પરિસ્થિતિમાં દરેક નાગરિક અવઢવમાં મુકાયો છે કે શું કરવું અને આગળ શું થશે? આ પરિસ્થિતિમાં આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ ખાતે ‘ડાયલેમા ઓફ ડિમોનિટાઈઝેશન’ વિષયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને ૫૦૦/૧૦૦૦ની નોટબંધી અંગે ગેરસમજો દૂર કરતું માર્ગદર્શન આપવા સાથે બેકીંગ સીસ્ટમ, કેશલેશ ટ્રાન્ઝેકશન, ઓનલાઈન ટ્રાન્ઝેકશન, બ્લેકમની, ટેક્ષેશન વગેરે ઉપરાંત નોટબંધીની અસરો અંગે પ્રો. બીના પટેલે વકતવ્ય આપી માહિતગાર કર્યા હતા. આ સેમિનારમાં એન્જિનીયરીંગના સૌથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# જિલ્લાના મોટી શિહોલી ગામે તળાવમાં ડુબી જતાં વૃદ્ધનું મૃત્યુ

### મહુન્દ્રા ગામની એક હોટલમાં પ્રાંતિયાના વૃદ્ધ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા

ચિલોડા, તા. ૧૮

ચિલોડા નજીક આવેલા મોટી શિહોલી ગામના તળાવમાંથી આજે બપોરના અરસામાં એક વૃદ્ધનો તરતો મૃતદેહ મળી આવતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં પ્રાંતિયા ખાતે રહેતા અને મહુન્દ્રા ગામની એક હોટલમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા એક વૃદ્ધ હોવાનું જાણવા મળ્યુ છે. ચિલોડા પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી છે.

મોટી શિહોલી ગામમાં રહેતા રામસિંહ ઝાલા ગામના તળાવ પાસેથી બપોરે બારેક વાગ્યે નિકળ્યા ત્યારે જોયુ તો તળાવમાં એક વૃદ્ધનો તરતો મૃતદેહ જોવા મળ્યો હતો. ચોંકી ગયેલા રામસિંહે ચિલોડા પોલીસને ઘટનાની જાણ કરી ફાયરબ્રિગેડને પણ મૃતદેહ બહાર કાઢવા બોલાવી લીધી હતી. મૃતદેહ બહાર કઢાવી પોલીસે તપાસ કરતાં પ્રાંતિયા ગામમાં રહેતા ૬૨ વર્ષિય અમરતભાઈ રામજીભાઈ પરમારનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું હતું. અમરતભાઈ મહુન્દ્રા ગામની શેખાવત હોટલમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. સવારે કુદરતી હાજતે જવા નિકળેલા વૃદ્ધનું તળાવમાં ડુબી જતા મૃત્યુ થયુ તે અંગે ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટના કેવી રીતે સર્જાઈ તેની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પગ લપસી જતા તશળાવમાં ડુબી જવાથી વૃદ્ધનું મૃત્યુ થયુ હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે.



# રવિ સિઝનમાં ૯ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન

### ઘઉં ઉપરાંત આ વખતે ચણાનું પણ ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવ્યુ છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં રવિ સિઝનની વાવણીને માટે સાનુકૂળ વાતાવરણ મળતાં જ જિલ્લામાં વાવણીના કાર્યનો વેગ આવ્યો છે.

જિલ્લામાં રવિ સિઝનનું અત્યાર સુધીમાં નવ હજાર હેક્ટરમાં નોંધાઈ ચુક્યુ છે. ઘઉ ઉપરાંત આ વખતે ચણાની ખેતી પણ માણસા તાલુકામાં નોંધાઈ છે.

મગફળી પાકના વાવેતર બાદ હવે જિલ્લામાં આ વખતે ચણાના પાકનું પ્રાયોગિક વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે ચણાનું અત્યારે ૩૦ હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થયુ છે અને તે ૧૦૦ હેક્ટર જેટલુ થાય તેવી સંભાવનાઓ છે.

ઘઉં, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર પણ જિલ્લામાં સારૂ થયુ છે. ઘઉંનું વાવેતર ગત વર્ષ જેટલુ જ થશે તેવા અંદાજો છે. ૧૫ ડિસેમ્બર સુધીમાં જિલ્લામાં ઘઉંનું વાવેતર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

રવિસિઝનમાં ઠંડીનો પ્રારંભ જ સારો થયો હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. જિલ્લામાં ૬૦ હજાર હેક્ટરમાં રવિ સિઝનના વાવેતરનો લક્ષ્યાંક છે પણ આ વખતે જે રીતે હવામાનની સાનુકૂળતા જોવા મળી રહી છે તેને કારણે વાવેતર વિસ્તારમાં વધારો થાય તેવા સંકેતો પણ ખેડૂતો આપી રહ્યા છે.

## એ.ઓ.એલ. પરીક્ષામાં બેઠેલ નિરક્ષરોના ગુણપત્રક વિતરણ કરાયા

### આ પ્રસંગે બાળકોને અભ્યાસની કીટનું પણ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

આજ રોજ નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરની કચેરીમાં સાક્ષરતા અભિયાન અંતર્ગત જિલ્લાના તાલુકા પ્રેરક અને ગ્રામ્ય પ્રેરકોનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ જે કાર્યક્રમમાં ગાંધીનગરના ચારેય તાલુકા પ્રેરક અને ગ્રામ્ય પ્રેરકોનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ જે કાર્યક્રમમાં ગાંધીનગરના ચારેય તાલુકા પ્રેરકો અને ગ્રામ્ય પ્રેરકો હાજર રહેલ હતા. હાજર રહેલ ગ્રામ્ય પ્રેરકોને માહે ઓગષ્ટ ૨૦૧૫ અને માહે માર્ચ ૨૦૧૬ની એઓએલ પરીક્ષામાં બેઠેલ નિરક્ષરોના ગુણ પત્રકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમને વધુ વેગ મળે તે માટે સાક્ષરતા અને નિરંતર શિક્ષણની કચેરી ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ કીટ (સ્લેટ, પેન, પેન્સિલ, રબર, દેશી હિસાબ, નોટબુક અને ફુટપટ્ટી) આપવામાં આવેલ હતી. આ અંગે નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી રતિલાલ એ. સોલંકીએ પ્રેરકોને જરુરી માર્ગદર્શન પુરું પાડતા જણાવ્યું કે ૧૦૦ ટકા સાક્ષરતાની કામગીરી ગ્રામ્ય પ્રેરકોના પુરા સહયોગથી જ સિધ્ધ થઈ શકે તેમજ આ પ્રસંગે ગાંધીનગર શહેરના શાસનાધિકારી ડૉ. નીપાબેન પટેલ હાજર રહી પ્રેરકોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા કોર્ડીનેટર શ્રીમતી હસુમતીબેન શ્રીમાળી, ઉષાબેન પટેલ અને ગીતાંજલી ચાવડાએ જહેમત ઉઠાવી હતી.

# શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય માટે બેઠેલા સાયલાના દલિત પરિવારે રાજયપાલની મુલાકાત લીધી

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા દોઢમાસથી સાયલા તાલુકાના કરાડી ગામનો દલિત પરિવાર પોતાના મૃતક પુત્રના આરોપીઓને સજા થાય અને તેઓને યોગ્ય ન્યાય મળે તે માટે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગાંધીનગર દ્વારા મહામહિમ રાજયપાલને મુલાકાત અંગે રજુઆત કરી હતી અને તાજેતરમાં રાજયપાલની મુલાકાત લઈ ન્યાય માટે રજુઆત કરતા મહામહિમ રાજયપાલે ધીરજ પૂર્વક સાંભળ્યા બાદ ગૃહ વિભાગ સાથે વાતચીત કર્યા બાદ ઘટતુ કરવા અને હાઈ કોર્ટમાં કેસ જલ્દી ચલાવાય તેમજ દલિત પરિવારને મજબુત રક્ષણ આપવા ખાત્રી આપી હતી.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્તની આગેવાની હેઠળ વિરચંદભાઈ પરમાર, જીવણલાલ સિંઘવનું પ્રતિનિધી મંડળ બંદુકની ગોળીથી ગામ કરાડી, તા-સાયલાના દલિત મા-બાપ પોતાના આર્મી જવાન પુત્રનું તે ગામના કાઠી દરબારોએ સામાન્ય બોલાચાલીમાં હત્યા કરી હતી. આ કેસના ન્યાય માટે દલિત પરિવારે તાજેતરમાં મહામહિમ રાજયપાલ સાથે મુલાકાત લઈ યોગ્ય કરવા રજુઆત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ દિનેશભાઈ રાઠોડ પોતાના વતન રજા પર ગયા હતા. ત્યારે તેમના પડોશમાં કાઠી દરબારો જુગાર રમતા હતા. આ જવાને તેઓને જુગાર ન રમવા માટે કહ્યુ હતું.

